


# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

# રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ



SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

# અનુક્રમણિકા


| ક્રમ | કોલેજ નું નામ | પાના નં. |
|---|---|---|
| ૧. | સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલ | ૦૧ |
| ૨. | જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા, પારડી (તળાવના કિનારાની સફાઈનો કાર્યક્રમ ) | ૦૨ |
| ૩. | જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા, પારડી (શેરી નાટકનું આયોજન ) | ૦૩ |
| ૪. | શ્રીરંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ વાલીયા | ૦૪ |
| ૫. | સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ | ૦૫ |
| ૬. | કેબીએસ અને નટરાજ કોલેજ, વાપી (શેરી નાટકનું આયોજન ) | ૦૬ |
| ૭. | સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ નેત્રંગ | ૦૭ |
| ૮. | સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ,દેડિયાપાડા | ૦૮ |
| ૯. | શ્રીમતી સી.ડી.જે. રોફેલ આર્ટસ અને આઈ.એસ.આર.એ.રોફેલ કોમર્સ કોલેજ,વાપી (સ્વચ્છતા અભિયાન) | ૦૯ |
| ૧૦. | શ્રીમતી સી.ડી.જે. રોફેલ આર્ટસ અને આઈ.એસ.આર.એ.રોફેલ કોમર્સ કોલેજ,વાપી (સ્પર્ધા નું આયોજન ) | ૧૦ |
| ૧૧. | સરકારી વિનયન કોલેજ, કપરાડા | ૧૧ |
| ૧૨. | સરકારી કોલેજ કાછલ | ૧૨ |
| ૧૩. | એચ. આર. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી | ૧૩ |
| ૧૪. | આર.વી પટેલ એન્ડ વી.એલ શાહ કોલેજ ઓફ કોમર્સ, પ્રો. વી.બી. શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ તથા સુટેક્ષ બેન્ક કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ | ૧૪ |
| ૧૫. | શ્રી ઈ. ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડી | ૧૫ |
| ૧૬. | વી. ટી. પોદ્દાર બી.સી.એ. કોલેજ, વી. ટી. પોદ્દાર કોમર્સ કોલેજ, પાંડેસરા | ૧૬ |
| ૧૭. | પટેલ રમણ બ્રધર્સ આર્ટ્સ એન્ડ પટેલ ગોપાળભાઈ રણછોડજી કોમર્સ કોલેજ, બારડોલી | ૧૭ |
| ૧૮. | સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદા (કોલેજના વર્ગો, કેમ્પસમાં સફાઈ ઝુંબેશ ) | ૧૮ |
| ૧૯. | સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, દહેજ | ૧૯ |
| ૨૦. | સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી (બસ સ્ટેન્ડ ખાતે સ્વચ્છતા અંગે શેરી નાટકનું આયોજન ) | ૨૦ |
| ૨૧. | સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી (છત્રપતિ શિવાજી મહારાજ ફોર્ટ-કિલ્લા પારડી ખાતે સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન ) | ૨૧ |
| ૨૨. | સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી (નદી કિનારાની સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન) | ૨૨ |
| ૨૩. | સર કે પી કોલેજ ઓફ કોમેર્સ | ૨૩ |
| ૨૪. | સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ,દેડિયાપાડા | ૨૪ |
| ૨૫. | શ્રીમતી સી.ડી.જે. રોફેલ આર્ટસ અને આઈ.એસ.આર.એ.રોફેલ કોમર્સ કોલેજ,વાપી (બીચ અને મુક્તિધામ ની સાફ - સફાઈ ) | ૨૫ |

# અનુક્રમણિકા


| ક્રમ | કોલેજ નું નામ | પાના નં. |
|---|---|---|
| ૨૬. | અગ્રવાલ વિદ્યાવિહાર ઇંગ્લિશ મીડિયમ કોલેજ | ૨૬ |
| ૨૭. | એમ.ટી.બી. આર્ટસ કોલેજ | ૨૭ |
| ૨૮. | શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કૉમર્સ કૉલેજ, અંકલેશ્વર | ૨૮ |
| ૨૯. | નવયુગ સાયન્સ કોલેજ | ૨૯ |
| ૩૦. | નૂતન ગ્રામ વિદ્યાપીઠ - થવા | ૩૦ |
| ૩૧. | અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ | ૩૧ |
| ૩૨. | એસ.બી. ગાર્ડા કોલેજ | ૩૨ |
| ૩૩. | સરકારી વિનયન અને વાણિજય કોલેજ વાંસદા<br>(સ્વચ્છતા માટે જનજાગૃતિ રેલીનું આયોજન) | ૩૩ |
| ૩૪. | કેબીએસ અને નટરાજ કોલેજ, વાપી (બીચ સફાઇ ડ્રાઈવ) | ૩૪ |
| ૩૫. | વાણિજ્ય વિભાગ,વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી | ૩૫ |
| ૩૬. | એ. વી. પટેલ કૉમેર્સ કોલેજ, બીલીમોરા<br>(કોલેજ કેમ્પસમાં સ્વચ્છતાનો કાર્યક્રમ ) | ૩૬ |
| ૩૭. | એ. વી. પટેલ કૉમેર્સ કોલેજ, બીલીમોરા<br>(બંદર સ્વચ્છતાનો કાર્યક્રમ ) | ૩૭ |
| ૩૮. | નવયુગ કોમર્સ કોલેજ (ચિત્ર સ્પર્ધા) | ૩૮ |
| ૩૯. | શ્રી સરસ્વતી મહાવિદ્યાલય | ૩૯ |

SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

# “ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા ”

## દિનાંક ૦૧ ઓકટોબર, ૨૦૨૪ | સવારે ૦૭:30 કલાકે | ડુમ્મસ બીચ

રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને એસ.પી.બી ઇંગ્લીશ મીડીયમ કોમર્સ કોલેજ, અખંડ આનંદ આર્ટસ & કોમર્સ કોલેજ, ઝેડ. એફ. વાડીયા વુમન્સ કોલેજ, સર. પી.ટી સાર્વજનિક કોલેજ ઓફ સાયન્સ, સર કે. પી કોમર્સ કોલેજના સંયુકત ઉપક્રમે ભારત સરકાર દ્વારા ૨ જી ઓકટોબરના રોજ ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી નું આહવાન કરવામાં આવેલ છે. સ્વચ્છ ભારત દિવસની ઉજવણી ના ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી તા.૨ ઓકટોબર ૨૦૨૪ સુધી “સ્વચ્છતા હી સેવા -૨૦૨૪”નું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત તારીખ ૧ ઓકટોબર ૨૦૨૪ ના રોજ સવારે ૭:૧૫ કલાકે સુરત શહેર સ્થિત ડુમસ બીચ ખાતે ઉપરોકત કોલેજના ૫૦૦ થી વધુ સ્વયંસેવક / સેવિકાઓ તેમજ યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડો. કિશોરસિંહ ચાવડા સાહેબ ની વિશેષ ઉપસ્થિતિમાં અને એન.એસ.એસ.ના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડો. પ્રકાશચંદ્રની હાજરી માં પ્લાસ્ટિક એકત્રિકરણ અને સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું.





Swachh Bharat Abhiyan

स्वच्छ भारत अभियान





SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

# “ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા ”

દિનાંક ૦૧ ઓકટોબર, ૨૦૨૪ | સવારે ૦૭:૩૦ કલાકે | ડુમ્મસ બીચ





स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

**SWACHHATA HI SEVA 2024**

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

## " સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા "

દિનાંક ૦૧ ઓક્ટોબર, ૨૦૨૪ | સવારે ૦૭:૩૦ કલાકે | ડુમ્મસ બીચ





SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

## દિનાંક ૦૨ ઓક્ટોબર, ૨૦૨૪ | સવારે ૦૮:૦૦ | ડુમ્મસ બીચ, સુરત



૨ જી ઓક્ટોબરના રોજ ગાંધીજીની જન્મ જયંતિ નિમિતે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી નું આહવાન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત તા.૦૨/૧૦/૨૦૨૪ના રોજ સ્વચ્છતા દિવસ નિમિતે સુરત શહેર સ્થિત ડુમ્મસ દરિયા કિનારા ખાતે પ્લાસ્ટિક એકત્રિકરણ અને સ્વચ્છતા અભિયાન અંતર્ગત “સ્વચ્છતા હી સેવા” કાર્યક્રમનું આયોજન સુરત મહાનગર પાલિકા દ્વારા કરવામાં આવેલ હતું. જેમાં રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત સંલગ્ન જુદી-જુદી એન.એસ.એસ. યુનિટ ધરાવતી કોલેજોના અંદાજીત ૭૦૦ જેટલા સ્વયંસેવકો/સેવિકાઓ એ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં યુથ એન્ડ અફેર્સના સન્માનનીય સેક્રેટરી શ્રી મીતા રાજીવલોચનજી, સુરત મહાનગર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિ શ્રી ડો. કિશોરસિંહ ચાવડા, સુરત મહાનગર પાલિકાના મેયર શ્રી દક્ષેશ માવાણી, સુરત મહાનગર પાલિકાના કમિશનર શ્રી શાલિની અગ્રવાલ, ધારાસભ્યશ્રી સંગીતાબેન પાટીલ, ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા તેમજ એન.એસ.એસ. ના પ્રોગ્રામ કો-ઓર્ડીનેટરશ્રી ડો. પ્રકાશચંદ્ર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં માનનીય કુલપતિ શ્રી ડો. કિશોરસિંહ ચાવડા સાહેબ અને એન.એસ.એસ. પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર ડો.પ્રકાશચંદ્ર દ્વારા યુથ એન્ડ અફેર્સના સન્માનનીય સેક્રેટરી શ્રી મીતા રાજીવલોચનજી ના ભવ્ય સ્વાગત દ્વારા થઇ હતી. સ્વાગત અંતર્ગત એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ એ બંને તરફ લાઇનમાં ઉભા રહી સેક્રેટરી શ્રી ને આવકાર્યા હતા. કાર્યક્રમમાં શ્રી મીતા રાજીવલોચનજી દ્વારા હાજર એન.એસ.એસ. સ્વયંસેવકો સાથે વિશેષ વાર્તાલાપ કર્યો હતો અને સ્વયંસેવકો દ્વારા થતા અમુક સૂચનો આવકાર્યા હતા. કાર્યક્રમમાં સૌ એ સાથે મળીને સ્વચ્છતાની શપથ લીધી અને ત્યારબાદ હાજર સૌ મહાનુભાવો એ સફાઈ અભિયાન ની શરૂઆત કરી હતી.






NATIONAL SERVICE SCHEME

## “ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા ”

દિનાંક ૦૨ ઓક્ટોબર, ૨૦૨૪ | સવારે ૦૮:૦૦ | ડુમ્મસ બીચ, સુરત





SWACHHATA HI SEVA 2024


17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

## “ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા ”

### સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલ

સરકારી વિજ્ઞાન કોલેજ વાંકલ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા "સ્વચ્છતા અભિયાન " અંતર્ગત કોલેજમાં સાફ-સફાઈ કરવામાં આવી હતી. કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડૉ. પાર્થિવ. કે ચૌધરી સાહેબનાં માર્ગદર્શન હેઠળ એનએસએસ ના પ્રોગ્રામ ઓફિસર ડૉ.વાય.એલ. ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું .



SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

## જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા, પારડી

“ સ્વચ્છતા હી સેવા ” “ સ્વભાવ સ્વચ્છતા” “સંસ્કાર સ્વચ્છતા” ઝુંબેશ અંતગર્ત જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા, પારડીમાં તા:૧૮/૦૯/૨૦૨૪ ના રોજ તાલુકા પંચાયત ભવન, પારડી તેમજ તેની નજીક આવેલા તળાવના કિનારાની સફાઈનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. પારડીમાં તળાવ કિનારે શાકભાજી માર્કેટ આવેલું હોવાને કારણે ત્યાં પ્લાસ્ટિક અને અન્ય પ્રકારના કચરાનો ફેલાવો થતો જ રહે છે. મોટી સંખ્યામાં હાજર રહી સ્વયંસેવકોએ આખા સ્થળના પ્લાસ્ટિક સહિતના તમામ પ્રકારના કચરાનો નિકાલ કર્યો હતો. મોટી સંખ્યામાં હાજર રહી સ્વયંસેવકોએ આખા સ્થળના પ્લાસ્ટિક સહિતના તમામ પ્રકારના કચરાનો નિકાલ કર્યો હતો. કોલેજથી સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસર સ્વચ્છતા પ્રતિજ્ઞા અને સ્વચ્છતા જાગૃતિ રેલીના રૂપમાં સ્વચ્છતાને લગતા સૂત્રોચ્ચાર કરતાં કરતાં તાલુકા ભવન, પારડી પોહોચ્યા હતા.ત્યારબાદ, સફાઈ કાર્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દરેક સ્વયંસવેકોને નાસ્તો કરાવીને કાર્યક્રમનો સફળ અંત લાવ્યો હતો.












SWACHHATA HI SEVA 2024
17th September - 2nd October 2024
Swabhav Swachhata, Sanskaar Swachhata



## જે.પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ કિલ્લા, પારડી

“સ્વચ્છતા હી સેવા” અભિયાન અંતગર્ત તાઃ૨૩/૦૯/૨૦૨૪ ના રોજ જે.પી.પારડીવાલા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, કિલ્લા પારડીમાં પારડી નગરપાલિકા અને કોલેજના સયુક્ત ઉપક્રમે શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ઘર,શેરી અને ગામને સ્વચ્છ રાખવાની સલાહ અને તેનું મહત્વ સમજાવવામાં આવ્યા હતા. અને ત્યારબાદ અલગ અલગ રંગની કચરા પેટીના ઉપયોગ વિશેની જાણકારી આપી હતી.અને અંતમાં સૌ એ એક સાથે મળીને સ્વચ્છતા અંગેના સપથ લીધા હતા.


















## શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ વાલીયા

શ્રી રંગ નવચેતન મહિલા આર્ટ્સ કોલેજ વાલીયા જી-ભરુચ ખાતે તારીખ ૨૬/૯/૨૦૨૪ના રોજ સ્વચ્છતા હી સેવા અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. નિબંધ સ્પર્ધાનો વિષય "સ્વભાવ સ્વચ્છતા-સંસ્કાર સ્વચ્છતા" રાખવામાં આવ્યો હતો, આ સ્પર્ધામાં કુલ ૨૯ વિધાર્થીઓને ભાગ લીધો હતો. આ કાર્યક્રમા ઇન્ચાર્જ આચાર્ય ડો નિયતિબેન ભટ્ટ પ્રોગ્રામ ઓફિસર ડો દિનેશસિંહ રાજ, ડો શર્મિલાબેન એસ પટેલ તેમજ ડો. રોશનકુમાર ગામીત અને પ્રા ડો દિલાવરખાન પઠાણ ઉપસ્થિત રહ્યા હતા.


















SWACHHATA HI SEVA 2024
17th September - 2nd October 2024
Swabhav Swachhata, Sanskaar Swachhata



## સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ

તા. ૦૧/૧૦/૨૦૨૪ ને મંગળવારના રોજ અત્રેની સરકારી વિજ્ઞાન કોલેજ ભીલાડ ખાતે કાર્યરત NSS વિભાગ દ્વારા "સદભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા" કાર્યક્રમ અંતર્ગત એન.એસ.એસ. સ્વયંસેવકો તેમજ અન્ય વિદ્યાર્થીઓ દ્વારા નારગોલ મુકામે જઈ નારગોલ દરિયા કિનારાની તેમજ પર્યટન સ્થળની સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ સ્વચ્છતા કાર્યક્રમ અંતર્ગત પંદર (૧૫) મોટી બેગ ભરી સિંગલ યુઝ પ્લાસ્ટિક કચરો એકત્ર કરવામાં આવ્યો હતો તેમજ દરિયા કિનારાની સાફ-સફાઈ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નારગોલ ગ્રામ પંચાયતના સભ્યશ્રી જીગ્નેશભાઈ ભંડારી પણ જોડાયા હતા અને એમણે એકત્ર કરેલ કચરાનો યોગ્ય નિકાલ કરવામાં મદદ કરી હતી. આ કાર્યક્રમ બાદ વિદ્યાર્થીઓ નાસ્તો કરી છૂટા પડ્યા હતા. આ કાર્યક્રમનું સફળ સંચાલન અત્રેની કોલેજના ભૌતિકશાસ્ત્ર વિષયના મદદનીશ પ્રાધ્યાપક ડો. આનંદ સી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોલેજના આચાર્યશ્રી ડો. દીપક ડી. ધોબી તેમજ શ્રેયાન કારકૂન શ્રી સોહિલભાઈ ડી. પટેલ દ્વારા આ કાર્યક્રમનાં આયોજનમાં સંપૂર્ણ સહકાર આપવામાં આવ્યો હતો.

Swachh Bharat Abhiyan
स्वच्छ भारत अभियान








SWACHHATA HI SEVA 2024
17th September - 2nd October 2024
Swabhav Swachhata, Sanskaar Swachhata



## કે.બી.એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ, વાપી

કે.બી.એસ. કોમર્સ એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ, વાપીના એન.એસ.એસ. યુનિટે, વાપી નગર પાલિકાના સહયોગથી, 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશના ભાગરૂપે ૨૮મી સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ વાપી રેલ્વે સ્ટેશન, બેંક અને પોસ્ટ ઓફિસ ખાતે પ્રભાવશાળી "સ્ટ્રીટ પ્લે" રજૂ કર્યું હતું. . વાપી નગર વિસ્તારમાં સ્વચ્છતાને પ્રોત્સાહન આપવા, સિંગલ-યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને નિરુત્સાહિત કરવા, કચરાના યોગ્ય નિકાલ પર અને ૩ અભિગમ- (ઘટાડો, પુનઃઉપયોગ, રિસાયકલ)ની હિમાયત કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.
















## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ નેત્રંગ




તા.૦૧ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે અત્રેની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે ‘સ્વચ્છતા હી સેવા’ કાર્યક્રમ અંતર્ગત Nss ના બન્ને યુનિટ દ્વારા ‘સ્વચ્છતા શપથ અને સ્વચ્છતા જાગૃતી રેલીનું’ આયોજન કરવામાં આવ્યું.જેમાં કોલેજના NSS ના સ્વયંસેવકો અને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને કોલેજના આચાર્યશ્રી ડૉ.જી.આર.પરમાર સર દ્વારા વિદ્યાર્થીઓને સ્વચ્છતાના માહત્વ અને પોતે, પોતાના પરિવાર અને ગામજનોમાં પણ સ્વચ્છતા માટે જાગૃતતા લાવવાનું સમજાવવામાં આવ્યુ. એ ઉપરાંત સભાખંડમાં ઉપસ્થિત સૌને સ્વચ્છતા શપથ લેવડાવવામાં આવ્યા. ત્યાર બાદ કોલેજના NSS ના સ્વયંસેવકો અને કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ અને કોલેજના આચાર્યશ્રી ડૉ.જી.આર.પરમાર, અધ્યાપકશ્રીઓ અને NSS ના પ્રોગ્રામ ઓફિસરશ્રીઓ તમામ ‘સ્વચ્છતા જાગૃતી રેલી’ માં જોડાયા હતા.આ રેલી કોલેજના પટાંગણ થી શરૂ કરીને નેત્રંગ ગામના મુખ્ય માર્ગથી લઈને નેત્રંગ બજાર ચાર રસ્તા થી નેત્રંગ મામલતદાર કચેરી (સેવાસદન) પાસે રેલીનું સમાપન કરવામાં આવ્યું જેમાં સ્વયંસેવકોના બુલંદ અવાજથી સ્વચ્છતા જાગૃતતાના વિભિન્ન સુત્રોચ્ચારથી વાતાવણ ગુંજી ઉઠ્યુ. અને નગર જનોને અપીલ પણ કરવામાં આવી કે ‘ગમ્મે ત્યાં કચરો અને પ્લાસ્ટીક ન ફેકો અને ગંદકી ન ફેલાવો’ સમગ્ર રેલીમાં સ્વયંસેવકોએ ખૂબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો.આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ આયોજન NSS ના પ્રોગ્રામ ઓફિસરશ્રી ડૉ. એન.એમ. રાઠવા અને ડૉ.જયશ્રીબેન દ્વારા કરવામાં આવ્યું. નેત્રંગ






## સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ, દેડિયાપાડા




તા.૦૧/૧૦/૨૦૨૪ ને મંગળવારના રોજ કોલેજના આચાર્ય ડૉ.અનિલાબેન પટેલની માર્ગદર્શન હેઠળ એન. એસ. એસ. યુનિટ દ્વારા "રાષ્ટ્રીય સ્વૈચ્છિક રકતદાન દિવસ"ની ઉજવણીના ભાગરૂપે શ્રી સંજયભાઈ પરમાર દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન આપવામાં આવ્યું. ડૉ. અનિલાબેન પટેલ દ્વારા પણ એન. એસ. એસ. સ્વયંસેવકો સ્વૈચ્છિક રકતદાન કરવાની પ્રેરણા આપવામાં આવી હતી. અંતે સૌ સ્વયંસેવકો સ્વૈચ્છિક રકતદાન કરવાની શપથ લઈને કાર્યક્રમ પૂર્ણ કરી 'સ્વચ્છતા હિ સેવા ૨૦૨૪' અને 'સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા'રેલીનું આયોજન કરવામાં આવ્યો હતું. આ રેલી કોલેજ પ્રાંગણથી શરૂ થઈ હાટ બજાર, ચાહ મોગી સર્કલ થી દેડિયાપાડા બસ ડેપો સુધી લઈ જવામાં આવી. દેડિયાપાડા બસ ડેપો ખાતે સ્વચ્છતાનું મહત્વ સમજાવવા માટેની રેલીનું વિસર્જન કરી કાર્યક્રમને પુર્ણ જાહેર કર્યો હતો. સ્થળ:દેડિયાપાડા | તા:૦૧/૧૦/૨૦૨૪



SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

# “ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા ”

## શ્રીમતી સી.ડી.જે. રોફેલ આર્ટસ અને આઇ.એસ.આર.એ.રોફેલ કોમર્સ કોલેજ,વાપી











**SWACHHATA HI SEVA 2024**


17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

# “ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા ”

## શ્રીમતી સી.ડી.જે. રોફેલ આર્ટસ અને આઇ.એસ.આર.એ.રોફેલ કોમર્સ કોલેજ,વાપી

રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપીમાં “સ્વચ્છતા હી સેવા” કાર્યક્રમ અંતર્ગત તા. ૦૧-૧૦-૨૦૨૪ ના રોજ 'પોસ્ટર મેકિંગ સ્પર્ધા' 'નિબંધ સ્પર્ધા', ‘વકૃત્વ સ્પર્ધા' અને 'એક પાત્રીય અભિનય' સ્પર્ધા નું આયોજન થયું.


















## સરકારી વિનયન કોલેજ, કપરાડા




સરકારી વિનયન કોલેજ, કપરાડા ખાતે તારીખઃ ૨૮/૦૯/૨૦૨૪ શનિવારના દિને એન.એસ.એસ. અંતર્ગત સફાઇ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ અલગ અલગ આઠ ટુકડીઓ બનાવી હતી, દરેક અધ્યાપકોને કામગીરીની સોંપણી કરેલ. પ્રથમ અને બીજા નંબરની ટુકડીનું નેતૃત્વ અધ્યાપિકા ડૉ.મેઘનાબેન અને રસ્મિતાબેને કરેલ, ત્રીજા અને ચોથા નંબરની ટુકડીનું નેતૃત્વ અધ્યાપકશ્રી દિપકભાઇ અને વિરેંદ્રભાઇ એ કરેલ. પાંચમાં અને છઠ્ઠા નંબરની ટુકડીનું નેતૃત્વ અધ્યાપકશ્રી ડૉ. પ્રફુલ્લભાઈ બી. કુરકુટિયા અને શ્રી. અનિષભાઈ સી. ગામિત અને સાત અને આઠ નંબરની ટુકડીનું નેતૃત્વ અધ્યાપિકા જીનેલબેન આર. નાયક અને શ્રી. ચંદનબેન એ.ચવધરી કરેલ. જે અનુસાર કોલેજ કેમ્પસમાં અને કોલેજની આજુબાજુના વિસ્તારમાં વિદ્યાર્થીઓએ મળીને સાફ સફાઇ કરીને સુકો કચરો, લીલો કચરો, પ્લાસ્ટિક કચરાને એકઠું કરી યોગ્ય નિકાલ કરવામાં આવેલ. તેમજ કોલેજના વિવિધ વર્ગખંડો, લોબી, ગ્રંથાલય વગેરેની પણ સાફ સફાઇ કરી હતી. જેમાં કુલ ૯૦ જેટલા વિદ્યાર્થીઓએ અને ૧૨ જેટલા અધ્યાપક/કર્મચારીગણએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે સર્વ વિદ્યાર્થીઓને નાસ્તો કરાવવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્યશ્રી ડૉ.ડી.એન.દેવરી સાહેબના માર્ગદર્શન હેઠળ અને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર અનિષભાઈ સી. ગામીત સાહેબએ તેમજ સર્વ અધ્યાપકોના સહયોગ દ્વારા કરવામાં આવેલ હતો.














SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

Swachh Bharat Abhiyan
स्वच्छ भारत अभियान

## સરકારી કોલેજ કાછલ

સરકારી કોલેજ કાછલના સ્વયંસેવકોએ દત્તક લીધેલ કાછલ ગામની સફાઈ કરી.

સરકારી વિનયન, વાણિજય અને વિજ્ઞાન કોલેજ, કાછલમાં કાર્યરત એન.એસ.એસ. વિભાગ દ્વારા અને કાછલ ગ્રામ પંચાયત સંયુક્ત ઉપક્રમે તા. ૨૩-૦૯-૨૦૨૪, સોમવારના રોજ "સફાઈ અભિયાનમાં જોડાયા. જેમાં એન.એસ.એસના સ્વયંસેવકો, કાછલ ગામની આંગણવાડીમાં ફરજ બજાવતાં મુખ્યસેવિકા જયનાબેન પટેલ, મહુવા-૧ના CDPO શ્રીમતી હિરલ બી.ભુસારા મેડમ, તથા સરપંચ કલ્પનાબેન ચૌધરી મેડમે સ્વચ્છતાના સંદેશા ફેલાવવાની અપીલ કરી હતી. ત્યારબાદ એન.એસ.એસના સ્વયંસેવકો દ્વારા ગામની સફાઈ કરવામાં આવી હતી. જેમાં ગામનો ચોરો, આંગણવાડીનો આસપાસનો વિસ્તાર અને ગામના અન્ય ભાગોની સફાઈ કરવામાં આવી હતી. કાર્યક્રમની મંજૂરી કોલેજના આચાર્યશ્રી ડો.હેતલ એસ.ટંડેલ મેડમે આપી હતી. અને સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન એન.એસ.એસના પ્રોગ્રામ ઓફિસર ડો.આશા ઠાકોર અને ડો.અંકિત પટેલ તથા કાછલ ગામના સરપંચ શ્રીમતી કલ્પનાબેન ચૌધરીના સહયોગથી પૂર્ણ કરવામાં આવ્યો.









SWACHHATA HI SEVA 2024
17th September - 2nd October 2024
Swabhav Swachhata, Sanskaar Swachhata

## એચ. આર. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી

એચ. આર. શાહ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, નવસારી દ્વારા આજ રોજ તા. ૨૧/૦૯/૨૪ ને શનિવારના રોજ કોલેજના ઇન્ચાર્જ આચાર્ય ડૉ. નઝમા એ. મલેકના માર્ગદર્શન હેઠળ “સ્વચ્છતા હી સેવા”અંતર્ગત કોલેજ સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં NSS ના સ્વયંસેવકો તેમજ પ્રોગ્રામ ઓફિસરો જોડાઈ કોલેજ કેમ્પસની સાફ સફાઈ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.







SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

"Swachh Bharat Abhiyan"
स्वच्छ भारत अभियान


## આર.વી પટેલ એન્ડ વી.એલ શાહ કોલેજ ઓફ કોમર્સ, પ્રો. વી.બી. શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ તથા સુટેક્ષ બેન્ક કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત આર.વી પટેલ એન્ડ વી.એલ શાહ કોલેજ ઓફ કોમર્સ, પ્રો. વી.બી. શાહ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ તથા સુટેક્ષ બેન્ક કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ દ્વારા આજ રોજ તારીખ ૨૧-૯-૨૪ આચાર્યશ્રી ડો. મુકેશ ગોયાણીના માર્ગદર્શન હેઠળ “સ્વચ્છતા હી સેવા” અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ દ્વારા કોલેજ પરિસર તથા કેમ્પસની સાફ-સફાઈ કરવામાં આવી. સમગ્ર કાર્યક્રમમાં ૩૦ જેટલા એન.એસ.એસ યુનિટના સ્વયંસેવકો ઉત્સાહભેર જોડાયા તથા ગંદકી ન કરવા અને સ્વચ્છતા વિશે જાગૃતિ ફેલાવવા માટે દરેક કલાસમાં પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર ડો. પ્રદીપકુમાર લેનકા તથા પ્રા.જ્યોતિકા ટેલર દ્વારા કરવામાં આવ્યું હતું.


















SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

Swachh Bharat Abhiyan

स्वच्छ भारत अभियान

# “ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા ”

## શ્રી ઈ. ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડી


શ્રી ઈ. ખો. ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડી ખાતે તારીખઃ-૩૦-૦૯-૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ થી ૦૧:૦૦ કલાકે એન.એસ.એસ. એકમ દ્વારા રાષ્ટ્રીય સ્વચ્છતા અભિયાનને પ્રોત્સાહિત કરવા માટે “સ્વચ્છતા હી સેવા” કાર્યક્રમની ઉજવણી કરવામાં આવેલ જેમાં અત્રેની સંસ્થાના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, ગૃહપતિ તથા અન્ય કર્મચારીગણ “સ્વચ્છતા એ જ સેવા” સુત્રને ધ્યાનમાં રાખી ગાંધીજીના વિચારોને અનુસરીને કેમ્પસ પરિસર, કલાસરૂમ, કાર્યાલય, ગ્રંથાલય, કમ્પ્યુટર લેબ, વિદ્યાર્થીઓના આવાસ તથા ભોજનાલય વગેરે ની સફાઈ હાથ ધરવામાં આવી હતી.



















## વી. ટી. પોદ્દાર બી.સી.એ. કોલેજ, વી. ટી. પોદ્દાર કોમર્સ કોલેજ, પાંડેસરા

શ્રી મહાવીર વિધારમંદિર ટ્રસ્ટ સંચાલિત વી. ટી. પોદ્દાર બી.સી.એ. કોલેજ, વી. ટી. પોદ્દાર કોમર્સ કોલેજ, પાંડેસરા  તારીખ ૦૭/૧૦/૨૦૨૪ના રોજ સફાઇ અભિયાન અંતર્ગત દરિયા સફાઇ ( ડુમ્મસ )  નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૪૦ થી વધુ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં બીસીએ કોલેજના પ્રાધાનાચાર્ય ડૉ. ચેતનભાઇ રાઠોડ, બીકોમ કોલેજ ના પ્રાધાનાચાર્ય અજય ભાઇ પાટીલ તેમજ શૈક્ષણિક કર્મચારીગણ અને વિધાર્થીઓ જોડાયા હતા. આ કાર્યક્રમનું સંપુર્ણ આયોજન એન.એસ.એસ કો-ઓર્ડીનેટર અંકિતભાઇ જાદવ કર્યું હતું.






SWACHHATA HI SEVA 2024
17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

## “ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા ”

### પટેલ રમણ બ્રધર્સ આર્ટ્સ એન્ડ પટેલ ગોપાળભાઈ રણછોડજી કોમર્સ કોલેજ, બારડોલી

તારીખ ૨૪/૦૯/૨૦૨૪ નાં રોજ NSS DAY નિમિતે પટેલ રમણ બ્રધર્સ આર્ટ્સ એન્ડ પટેલ ગોપાળભાઈ રણછોડજી કોમર્સ કોલેજ, બારડોલી ના NSS વિભાગ દ્વારા " સ્વચ્છતા હિ સેવા" અંતર્ગત બારડોલી માં આવેલ મીંઢોળા નદી નો કાંઠો અને પુલ ઉપર સફાઈ અભિયાન કર્યું. જેમાં કોલેજ નાં પ્રિન્સીપાલ ડૉ. શ્રી વિક્રમભાઈ જી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફીસરશ્રીઓ શ્રીમતી વર્ષાબેન બુંદેલા, ડૉ.ભાર્ગવકુમાર દવે , ડૉ.પ્રતિકભાઇ દેસાઈ, ડૉ.પ્રમોદકુમાર દેશાણી ,NSS નાં સ્વયંસેવકો અને સેવિકાઓ દ્વારા સ્વચ્છતા કાર્ય કરવામાં આવ્યું અને સાથે સૌ મળી ને સ્વચ્છતા પ્રતિજ્ઞા લીધી હતી.
















## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વાંસદા

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વાંસદા રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત " સ્વચ્છતા હી સેવા" હેઠળ રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકો તથા કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા કોલેજના વર્ગો, કેમ્પસમાં સફાઇ ઝુંબેશ હાથ ધરવામાં આવી, વિદ્યાર્થીઓમાં “સ્વભાવ સ્વચ્છતા , સંસ્કાર સ્વચ્છતા” ગુણોનું સિંચન થાય તે હેતુથી કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો, જેમાં મોટી સંખ્યામાં સ્વયંમ સેવકો જોડાયા, સમગ્ર કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોગ્રામ ઓફિસર ડો.અનિલ એસ ચૌધરી તથા ડો.વૈશાલીબેન જે પટેલ દ્વારા કરવામાં આવ્યું.









SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024


Swabhav Swachhata, Sanskaar Swachhata


"Swachh Bharat Abhiyan"
स्वच्छ भारत अभियान



## સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, દહેજ

તા.૨૬.૦૯.૨૦૨૪ના રોજ સરકારી વાણિજ્ય અને વિજ્ઞાન કોલેજ, દહેજ ખાતે NSS વિભાગ દ્વારા “સ્વચ્છતા હી સેવા” અને “ સ્વભાવ સ્વચ્છતા – સંસ્કાર સ્વચ્છતા” થીમ આધારિત કોલેજ બિલ્ડીંગની સફાઇ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો દ્વારા કોલેજના વિવિધ વર્ગખંડો, વિવિધ વિભાગોની પ્રયોગશાળાઓ, લોબી, સીડીઓ, લાઈબ્રેરી અને પાર્કિંગ વિસ્તારની સાફ સફાઇ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે NSS વિભાગ દ્વારા બધા વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે નાસ્તાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન NSS PO શ્રી ડો. બળદેવભાઇ ચાવડા દ્વારા કોલેજના આચાર્ય શ્રી ડો. લીના દવેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.






SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata



## સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી

એનએસએસ યુનિટ સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી અને પારડી નગરપાલિકા દ્વારા તારીખ ૨૭.૦૯.૨૦૨૪ ના રોજ "સ્વચ્છતા બને સ્વભાવ" અભિયાન અંતર્ગત કિલ્લા પારડી, બસ સ્ટેન્ડ ખાતે સ્વચ્છતા અંગે શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં NSS નાં પાંચ સ્વયંસેવકોએ શેરી નાટક દ્વારા સ્વચ્છતા અંગે ખુબજ સરળ ભાષામાં સમજાવ્યું હતું. લોકોમાં સ્વચ્છતાની જાગૃતિ આવે એ હેતુસર આ નાટકમાં તેમના દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિક કોને કહેવાય, સૂકા અને ભીના કચરા માટેની અલગ કચરાપેટીઓ, કાપડની થેલીનો ઉપયોગ, કચરો ગમે ત્યાં ન ફેંકવો વગેરે પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પારડી નગરપાલિકાનાં કર્મચારી શ્રી અભિષેકભાઈ , એનએસએસના પ્રોગ્રામ ઓફિસર મ.પ્રા. સંકેત પટેલ અને એનએસએસના ૦૬ જેટલા સ્વયંસેવકો-સેવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત તમામ લોકોએ પર્યાવરણની જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ ન કરવાની અને સ્વચ્છતાના શપથ લીધા હતા.











SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

# “ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા ”

## સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી

એનએસએસ યુનિટ સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી અને પારડી નગરપાલિકા દ્વારા દ્વારા તારીખ ૨૮.૯.૨૦૨૪ ના રોજ "સ્વચ્છતા બને સ્વભાવ" અભિયાન અંતર્ગત છત્રપતિ શિવાજી મહારાજ ફોર્ટ-કિલ્લા પારડી ખાતે સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પારડી નગરપાલિકાનાં કર્મચારી શ્રીમતી ભૂમિબેન, એનએસએસના પ્રોગ્રામ ઓફિસર મ.પ્રા. સંકેત પટેલ, સ્ટાફ મિત્રો અને એનએસએસના 30 જેટલા સ્વયંસેવકો-સેવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સ્વયંસેવકો, સ્ટાફ મિત્રો દ્વારા કિલ્લાની આજુબાજુ જગ્યામાંથી સિંગલ યુઝ પ્લાસ્ટિક એકત્ર કરવામાં આવ્યું હતું. લોકોમાં સ્વચ્છતાની જાગૃતિ આવે એ હેતુસર કિલ્લાનાં આગળનાં ભાગમાં સ્વચ્છતા અંગે શેરી નાટકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ નાટકમાં તેમના દ્વારા જાહેર સ્થળોની સ્વચ્છતા, ઐતિહાસિક સ્થળોની જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટિક કોને કહેવાય, સૂકા અને ભીના કચરા માટેની અલગ કચરાપેટીઓ, કાપડની થેલીનો ઉપયોગ, કચરો ગમે ત્યાં ન ફેંકવો વગેરે પર ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમના અંતે તમામ સ્વયંસેવકોએ ઐતિહાસિક સ્થળોની જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ ન કરવાની અને સ્વચ્છતાના શપથ લીધા હતા.

















SWACHHATA HI SEVA 2024
17th September - 2nd October 2024
Swabhav Swachhata, Sanskaar Swachhata



## સર કે પી કોલેજ ઓફ કોમર્સ, સુરત

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત સર કે પી કોલેજ ઓફ કોમેર્સ ‘સ્વચ્છતા હી સેવા’ કાર્યક્રમ અંતર્ગત તારીખ ૧૭/૦૯/૨૦૨૪ થી ૨૩/૦૯/૨૦૨૪ સુધી કોલેજ કેમ્પસમાં સ્વચ્છતાનો કાર્યક્રમ કરવામાં આવ્યો. કોલેજના તમામ એન. એસ. એસ ના સ્વયંસેવકોએ હળીમળીને કોલેજ કેમ્પસમાં સાફ-સફાઈની ઝુંબેશ હાથ ધરી હતી. ખાસ કરીને કોલેજના વર્ગખંડો, કોલેજની લાઇબ્રેરી અને પ્રવેશદ્વારનો વિભાગ, સ્પોર્ટ્સરૂમ તેમજ કોલેજની આજુબાજુ પડી રહેલા પ્લાસ્ટિકના કચરાને ભેગો કરી કેમ્પસની પ્લાસ્ટિક મુકત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો હેતલ એ દેસાઇ અને ડો રશ્મી આર પટેલ, ડો અભિષેક ગાંધી અને ડો વિપુલ ચોવટિયા દ્વારા કરવામાં આવ્યું હતું . આ સમગ્ર કાર્યક્રમ કોલેજ ના ઇન્ચાર્જ આચાર્યશ્રી ડો સીમા ઓ દેસાઇ ના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયો હતો.

Swachh Bharat Abhiyan
स्वच्छ भारत अभियान









## સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજ ,દેડિયાપાડા

તા.૦૧/૧૦/૨૦૨૪ ને મંગળવારના રોજ કોલેજના આચાર્ય ડો.અનિલાબેન પટેલની માર્ગદર્શન હેઠળ એન. એસ. એસ. યુનિટ દ્વારા “રાષ્ટ્રીય સ્વૈચ્છિક રકતદાન દિવસ”ની ઉજવણીના ભાગરૂપે શ્રી સંજયભાઈ પરમાર દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન આપવામાં આવ્યું. ડો. અનિલાબેન પટેલ દ્વારા પણ એન. એસ. એસ. સ્વયંસેવકો સ્વૈચ્છિક રકતદાન કરવાની પ્રેરણા આપવામાં આવી હતી. અંતે સૌ સ્વયંસેવકો સ્વૈચ્છિક રકતદાન કરવાની શપથ લઈને કાર્યક્રમ પૂર્ણ કરી ‘સ્વચ્છતા હિ સેવા ૨૦૨૪’ અને ‘સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા’રેલીનું આયોજન કરવામાં આવ્યો હતું. આ રેલી કોલેજ પ્રાંગણથી શરૂ થઈ હાટ બજાર, ચાહ મોગી સર્કલ થી દેડિયાપાડા બસ ડેપો સુધી લઈ જવામાં આવી. દેડિયાપાડા બસ ડેપો ખાતે સ્વચ્છતાનું મહત્વ સમજાવવા માટેની રેલીનું વિસર્જન કરી કાર્યક્રમને પુર્ણ જાહેર કર્યો હતો.















SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata



## સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી

એનએસએસ યુનિટ સરકારી વિજ્ઞાન કોલેજ, પારડી દ્વારા તારીખ ૧.૧૦.૨૦૨૪ ના રોજ "સ્વચ્છતા બને સ્વભાવ" અભિયાન અંતર્ગત પાર નદી કિનારાની સ્વચ્છતા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એનએસએસના પ્રોગ્રામ ઓફિસર મ.પ્રા. સંકેત પટેલ, સ્ટાફ મિત્રો અને એનએસએસના ૩૦ જેટલા સ્વયંસેવકો-સેવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ સ્વયંસેવકો, સ્ટાફ મિત્રો દ્વારા નદી કિનારાનાં આસપાસનાં વિસ્તારમાંથી સિંગલ યુઝ પ્લાસ્ટિક એકત્ર કરવામાં આવ્યું હતું. લોકોમાં સ્વચ્છતાની જાગૃતિ આવે એ હેતુસર તેમને સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ નહીં કરવાની અને નદીમાં પ્લાસ્ટિક નહીં ફેંકવાની સલાહ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે તમામ સ્વયંસેવકોએ પર્યાવરણની જાળવણી, સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપયોગ ન કરવાની અને નદીની સ્વચ્છતાના શપથ લીધા હતા.


















SWACHHATA HI SEVA 2024
17th September - 2nd October 2024
Swabhav Swachhata, Sanskaar Swachhata

## “ સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા ”

### શ્રીમતી સી.ડી.જે. રોફેલ આર્ટસ અને આઇ.એસ.આર.એ.રોફેલ કોમર્સ કોલેજ,વાપી

રોફેલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વાપી ના સ્વયંસેવકો અને પ્રોગ્રામ ઓફિસરો દ્વારા 'સ્વચ્છતા હી સેવા અંતર્ગત ગાંધી જયંતી નિમિત્તે તાઃ ૨ /૧૦/૨૦૨૪ ના રોજ દમણ જેમપુર બીચ અને મુકિતધામ ની સાફ - સફાઇ કરવામાં આવી.





















## અગ્રવાલ વિદ્યાવિહાર ઇંગ્લિશ મીડિયમ કોલેજ

અગ્રવાલ વિદ્યાવિહાર ઇંગ્લિશ મીડિયમ કોલેજ, વેસુ, સુરત ખાતે , તા - ૦૧/૧૦/૨૦૨૪, મંગળવારે "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત કોલેજ કેમ્પસ ની સફાઈ કરી હતી તેની સાથે સ્વચ્છતા શપથ લીધા હતા અને પોસ્ટર બનાવ્યું હતું.




















SWACHHATA HI SEVA 2024
17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata



## એમ.ટી.બી. આર્ટસ કોલેજ

ગાંધી જયંતી નિમિતે આપણી એમ.ટી.બી. આર્ટસ કોલેજના N.S.S. વિભાગના સ્વયંસેવકો દ્વારા તા. ૨૮ સપ્ટે. ના રોજ મહાત્મા ગાંધીના સ્વચ્છતા અને સ્વસ્થ સમાજના વિચારોને સફળ બનાવવા માટે કોલેજ સ્વચ્છતા કાર્યક્રમ યોજ્યો હતો જેમાં સ્વચ્છતા શપથ પણ લેવામાં આવી હતી.

"સ્વચ્છતા એ શિસ્ત અને આંતરિક શાંતિનું પ્રતિબિંબ છે."

ગાંધીજીના દ્રષ્ટિકોણ સાકાર કરવા સ્વચ્છ ભારત અભિયાન ચાલે છે, જેના માટે કૉલેજ દ્વારા એક નાનો પ્રયત્નો કર્યો અને આપણી કૉલેજ તથા N.S.S. ઑફિસ સાફ કરવામાં આવી. તથા દરેક સ્વયંસેવકોનો કાર્યક્રમ સફળ બનાવવા માટે આભાર.























SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata



## શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ, અંકલેશ્વર

શ્રી ઠાકોરભાઈ પટેલ આર્ટસ અને કોમર્સ કોલેજ, અંકલેશ્વર "રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા " સ્વચ્છતા હી સેવા” કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી ડૉ. જી.કે.નંદાના માર્ગદર્શન હેઠળ થયું હતું.રાષ્ટ્રીય સેવા યોજના (NSS ) દ્વારા રાષ્ટ્રીય સ્વચ્છતા અભિયાન " સ્વચ્છતા હી સેવા” અંતર્ગત કેમ્પસ સફાઈ કરવામાં આવી.એનએસએસ પ્રોગ્રામ ઑફિસર્સ ડૉ. નિશાબેન વસાવા અને ડૉ. જગદીશભાઈ કંથારીઆની ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓએ કોલેજ કેમ્પસમાં તથા વર્ગખંડોમાં સફાઈ કરી હતી. આ અભિયાનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી સ્વયંસેવકો જોડાયા હતા. હાજર રહી કાર્યક્રમની શોભા વધારી હતી.કોલેજના ટી.વાય.બી.એ.ના વિદ્યાર્થી સાગર પટેલે સ્વચ્છતા માટે તથા પ્લાસ્ટિકથી દૂર રહેવા પ્રતિજ્ઞા લેવડાવી હતી.આ પ્રસંગે કોલેજના સિનિયર પ્રા. હરેશભાઈ પરીખ, ડૉ. હેમંત દેસાઈ, પ્રા. રાજેશ પંડ્યા, ડૉ. જયશ્રી ચૌધરી સહિત કોલેજ સ્ટાફ ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.













## નૂતન ગ્રામ વિદ્યાપીઠ - થવા

"સ્વચ્છતા હી સેવા -૨૦૨૪" અંતર્ગત નૂતન ગ્રામ વિદ્યાપીઠ - થવા દ્વારા તા.૧૭/૯/૨૦૨૪ થી તા.૨/૧૦/૨૦૨૪ દરમિયાન વિવિધ કાર્યક્રમો આચાર્યશ્રી ડૉ. દિનેશભાઇ ચૌધરીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યા. જેમકે કોલેજ કેમ્પસ, ગાર્ડન, ગૌશાળા, કૃષિ પ્લોટ, લેબોરેટરી, લાયબ્રેરી વગેરેની સફાઇ કરવામાં આવી. તા.૧/૧૦/૨૦૨૪ ના રોજ વિવિધ સ્પર્ધા જેવીકે નિબંધ સ્પર્ધા, વકૃતવ સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, વેસ્ટમાંથી બેસ્ટ વગેરેનું સંપૂર્ણ આયોજન સ્વયં સેવકો દ્વારા કરવામાં આવ્યું હતું. જેના ઉદ્ધઘાટન સમારોહમાં શ્રી હિતેશભાઈ જોગડીયા, NSS વિભાગ, યુનિ.થી ઓનલાઈન જોડાયા. તેમજ સ્પર્ધકોને આશિર્વચન આપ્યા હતા. દરેક સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર આવનારને પ્રોત્સાહિત ઇનામો આપવામાં આવ્યા હતા. સ્પર્ધાનું સંપૂર્ણ આયોજન સ્વયં સેવકો રુદ્રા વસાવા, અમિત તરબદા, પાર્થ પટેલે કર્યું હતું. જેમણે નિર્ણાયકની ભૂમિકા પણ તટસ્થ અને સુંદર રીતે નિભાવી હતી.તા.૨/૧૦/૨૦૨૪ના રોજ "ગાંધી જયંતી" નિમિતે મુખ્ય મહેમાન તરીકે શ્રી પ્રક્ષાલીબેન દેસાઇ ,સંપર્ક સંસ્થા, ઝાંબુઆ, મધ્યપ્રદેશથી પધાર્યા હતા. જેમણે ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યારબાદ સ્વયં સેવકોએ રેલી કાઢી થવા, બેડા કંપની તેમજ દત્તક ગામ કાકડકુઇ ખાતે જઇ જાહેર સ્થળો, ધાર્મિક સ્થળો, આંગણવાડી, બજાર, શેરીઓમાં સફાઇ કરી હતી. પ્લાસ્ટિક કચરો વણી લીધો હતો. રેલીમાં પ્રા. રમેશભાઇ પટેલ દ્વારા બળદ ગાડું લઇ થવા, બેડા કંપની ગામમાં સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. જે આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના મંત્રીશ્રી માનસિંહદાદા, પ્રમુખશ્રી યોગેશભાઈ જોશી, ટ્રસ્ટીશ્રી રાજેન્દ્રસિંહ માંગરોલા ઉપસ્થિત રહ્યાં હતાં. સંપૂર્ણ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્યશ્રી ડૉ.દિનેશભાઈ ચૌધરી, પ્રોગ્રામ ઓફિસર ડૉ. અજયભાઇ પટેલ તેમજ ડૉ. બિપીનભાઇ પટેલ, પ્રા. રમેશભાઈ પટેલ, પ્રા.યતિનભાઈ ગામીત, પ્રા.અમીતાબેન,પ્રા. હેમાંગીનીબેન, શ્રી હેમેન્દ્રભાઈ વસાવા, શ્રી સરસ્વતીબેન ચૌધરી તેમજ તમામ સ્વયં સેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.











"સ્વચ્છતા હી સેવા-૨૦૨૪" અંતર્ગત
નૂતન ગ્રામ વિદ્યાપીઠ થવા દ્વારા આચાર્ય ડૉ.દિનેશભાઈ ચૌધરીના નેતૃત્વમાં કોલેજ કેમ્પસની કરેલી સાફસફાઈ





SWACHHATA HI SEVA 2024
17th September - 2nd October 2024
Swabhav Swachhata, Sanskaar Swachhata



## અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

તા. ૦૧.૧૦.૨૦૨૪ના રોજ અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના NSS વિભાગ, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ નિમિત્તે રાષ્ટ્રીય સ્વરછતા દિવસની ઉજવણી નિમિતે સ્વરછ ભારત અભિયાન અંતર્ગત "સ્વરછતા એ જ સેવા" અને "સ્વરછતા સ્વભાવ - સ્વરછતા સંસ્કાર" થીમ  આધારિત દરિયા કિનારાની સફાઈનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ડુમ્મસ દરિયા કિનારા ખાતે NSS Volunteers મોટી સંખ્યામાં જોડાયા હતા. પ્રોગ્રામનું સંપૂર્ણ સંચાલન NSS PO Dr. Shobhana Prajapati અને Dr. Henal Bardoliwala એ કર્યું હતું સાથે સ્વયંસેવકોનું ઉત્સાહ વધારવા  VNSGU-NSS ના કોઓર્ડિનેટર ડૉ. પ્રકાશચંદ્ર સર તેમની ટીમ સાથે હાજર રહ્યા હતા જયાં તેઓએ સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવ્યું હતું અને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. ત્યાર બાદ યુવાનો અને NSS Volunteers દ્વારા દરિયા કિનારાની સફાઈ કરવામાં આવી હતી. જેમાં વિધાર્થીઓ દ્વારા પ્લાસ્ટિકની બેગ, બોટલ, કાચ, લાકડા એકત્ર કરવામાં આવ્યો હતો.











## એસ.બી.ગાર્ડા આર્ટસ એન્ડ પી.કે. પટેલ કોમર્સ કોલેજ, નવસારી

એસ.બી.ગાર્ડા આર્ટસ એન્ડ પી.કે. પટેલ કોમર્સ કોલેજ, નવસારી કોલેજના એનએસએસ યુનિટ અને આઈક્યુએસીએ ૧લી ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ સરકારી નિર્દેશો સાથે અને ઈન્ચાર્જ આચાર્ય ડો. ધર્મવીરના આદરણીય માર્ગદર્શન હેઠળ "સ્વચ્છતા હી સેવા, સ્વભાવ સ્વચ્છતાઃ સંસ્કાર સ્વચ્છતા" કાર્યક્રમનું ગૌરવપૂર્વક આયોજન કર્યું હતું. વાઈસ પ્રિન્સિપાલ મહેશભાઈ નાયક, આઈક્યુએસી કોઓર્ડિનેટર ડો. હિતેશ જે. પટેલ અને અન્ય ફેકલ્ટી સભ્યોની હાજરી દ્વારા પણ આ કાર્યક્રમને વધાવ્યો હતો.











## સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વાંસદા

સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનાં ભાગરૂપે સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ વાંસદા ખાતે રાષ્ટ્રીય સેવા યોજનાના અંતર્ગત સ્વચ્છતા માટે જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું, હનુમાન બારી થી નાનીભમતી ગામ સુધી રેલીનું આયોજન કરવામાં આવ્યું, ગાંધીજીના જીવન આદર્શ સાથે સ્વચ્છતા સ્વભાવ અને સ્વચ્છતા સંસ્કાર બને તેની પહેલ કરવામાં આવી, સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજના આચાર્યશ્રી ડો.વાય.જે.મિસ્ત્રી સાહેબના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા કરવામાં આવ્યું.











SWACHHATA HI SEVA 2024
17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata

Swachh Bharat Abhiyan
स्वच्छ भारत अभियान

## કે.બી.એસ. કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ, વાપી

કે.બી.એસ. કોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સ કોલેજ, વાપીની NSS ટીમે “સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા” (૪S) અભિયાન હેઠળ ૨જી ઓક્ટોબર ૨૦૨૪ના રોજ હેરિટેજ સાઈટ ઉદવાડા બીચ* ખાતે "બીચ કિલનિંગ ડ્રાઇવ"નું આયોજન કર્યું હતું. સ્વયંસેવકોએ પ્લાસ્ટીકનો કચરો અને અન્ય કચરો દૂર કરવામાં સક્રિયપણે ભાગ લીધો હતો, ખાતરી કરી હતી કે બીચ સ્વચ્છ, વધુ કુદરતી સ્થિતિમાં પુનઃસ્થાપિત થાય છે. આ અભિયાને માત્ર આ ઐતિહાસિક સ્થાનની સ્વચ્છતામાં વધારો કર્યો નથી પરંતુ ભવિષ્યની પેઢીઓ માટે સાર્વજનિક જગ્યાઓની જાળવણી અને પર્યાવરણની સુરક્ષાના મહત્વ વિશે સ્થાનિક સમુદાયમાં જાગૃતિ પણ ઉભી કરી છે.




















## એ. વી. પટેલ કૉમેર્સ કૉલેજ, બીલીમોરા

બીલીમોરા વિભાગ  કેળવણી મંડળ સંચાલિત એ. વી. પટેલ કૉમેર્સ કૉલેજ  ‘સ્વચ્છતા હી સેવા’ કાર્યક્રમ અંતર્ગત તારીખ ૨૮/૦૯/૨૦૨૪ નારોજ  કોલેજ કેમ્પસમાં સ્વચ્છતાનો કાર્યક્રમ કરવામાં આવ્યો. કોલેજના તમામ એન. એસ. એસ  ના સ્વયંસેવકોએ હળીમળીને કોલેજ કેમ્પસમાં સાફ-સફાઈની ઝુંબેશ હાથ ધરી હતી. ખાસ કરીને કોલેજના વર્ગખંડો, કોલેજની લાઇબ્રેરી અને પ્રવેશદ્વારનો વિભાગ,  સ્પોર્ટ્સરૂમ તેમજ કોલેજની આજુબાજુ પડી રહેલા પ્લાસ્ટિકના કચરાને ભેગો કરી કેમ્પસની પ્લાસ્ટિક મુકત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રા ડૉ. ભાવેશ પચ્ચીગર અને પ્રા પુજા વાઘેલા દ્વારા કરવામાં આવ્યો હતો. આ  સમગ્ર  કાર્યક્રમ કોલેજ ના ઇન્ચાર્જ આચાર્યશ્રી વર્ષા બી. રાણા ના માર્ગદર્શન હેઠળ પૂર્ણ થયો હતો.















SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata



## એ. વી. પટેલ કોમેર્સ કોલેજ, બીલીમોરા

બીલીમોરા વિભાગ  કેળવણી મંડળ સંચાલિત એ. વી. પટેલ કોમેર્સ કોલેજના આચાર્ય શ્રી પ્રા.વર્ષાબેન રાણાના માર્ગદર્શન હેઠળ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડો ભાવેશ પરચીગર અને પ્રા. પૂજાબેન વાઘેલાના નેતૃત્વ હેઠળ 'સ્વભાવ સ્વચ્છતા સંસ્કાર સ્વચ્છતા'ની ભાવનાનું ઉદ્દીપન  કરવા તેમજ સમાજમાં સ્વચ્છતા એક સેવાનો સંદેશો પહોંચાડવાના ભાગરૂપે તા. ૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ બીલીમોરા બંદર મુકામે કોલેજના એનએસએસના લગભગ ૯૨ સ્વયંસેવકોની ટીમ દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાયો હતો.  સ્વયં સેવકો દ્વારા સ્થાનિક રહેવાસીઓ માટે બંદર એક સ્વચ્છ સહેલગાહનું સ્થળ બની રહે તેવા પ્રકારની સ્વચ્છતા કામગીરી કરાઈ હતી. કાર્યક્રમમાં જોડાયેલ વિદ્યાર્થીઓમા સફાઈની સાથે સંકલન અને કૌટુંબિક ભાવના જન્મે એમ અલ્પાહારની વ્યવસ્થા થઈ હતી. સમગ્ર કાર્યક્રમ માં જોડાયેલા વિદ્યાર્થીઓએ સેવા એ જ સ્વભાવ બને એવી અનુભૂતિ મેળવવાનો આનંદ અનુભવ્યો હતો.























SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata



## નવયુગ કોમર્સ કોલેજ


નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કોલેજ દ્વારા તા. ૧-૧૦-૨૦૨૪ના રોજ સ્વછતા હી સેવા અભિયાન અંતર્ગત કોલેજના સેન્ટ્રલ હોલમાં ચિત્ર સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેનો વિષય હતો . પ્રિન્સિપાલ ડો. વિનોદભાઈ પટેલે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સ્વચ્છતા અંગે જાગૃત કર્યા હતા. એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડો. અંકિતા ઝાડેશ્વરીયા તેમજ ડો. રૂપેશ દવે દ્વારા સમગ્ર કાર્યક્રમનુ સંચાલન કરવામા આવ્યુ હતુ. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ ઈનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમને અંતે સ્વછતા અંગેના શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.









SWACHHATA HI SEVA 2024

17th September - 2nd October 2024

Swabhav Swachhata, Sanskaar Swachhata



**શ્રી સરસ્વતી મહાવિદ્યાલય**

**શ્રી સરસ્વતી મહાવિદ્યાલય ખાતે સ્વચ્છતા પર્વ ની ઉજવણી ડુમસ બીચ સાફ કરી ને ઉત્સાહપૂર્વક કરી.**



